# સેકટરોમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા જમીનદોસ્ત

**સ્માર્ટ સીટીમાં બધુ રામભરોસે : સેકટરોમાં દાયકાઓ જુના કટાયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઇટના થાંભલા જોખમી હાલતમાં : સ્માર્ટ સીટીના બિરુદ પાછળ સેકટરોમાં બિહામણાં દ્રશ્યો**

ગાંધીનગર તા ૧૧

શહેરમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા કાટમાળ જેવા કંગાળ ભાસી રહ્યા છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઇટની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે પરંતુ સ્ટ્રીટ લાઇટના થાંભલા બંધ હોવાની સાથે જોખમી હોવાનુ પણ વારંવાર ધ્યાને આવે છે. સે-૩ સીમાં સ્ટ્રીટ લાઇટનો એક પોલ જમીનદોસ્ત થયેલી હાલતમાં જોવા મળી રહ્યો છે. દાયકાઓ જુના પોલ્સ બદલવા માટે પણ કોઈ આયોજન થતુ નથી.

શહેરમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા કટાયેલી અને તુટેલી હાલતમાં જોખમી હાલતમાં જોવા મળી રહ્યા છે. સેકટરોની શેરીઓમાં સ્ટ્રીટ લાઇટના કટાયેલા અને કંગાળ થાંભલા ઘણીવાર બંધ હાલતમાં હોવાની ફરિયાદ પણ વ્યાપક બની છે. ત્યારે લાઇટના થાંભળાનુ વિજબિલ ઘટાડવા માટે એલ ઇ ડી લાઇટનો પ્રોજેકટ પણ અમલી બનાવાયો છે. પરંતુ હજુ સુધી થાંભલાઓની દશા સુધરી નથી. સ્ટ્રીટ લાઇટના પોલ્સ કટાયેલા છે. જેના લીધે સેકટરમાં પ્રવેશતા જ કંગાળ પોલ્સ આંખને ખુંચે છે. સ્માર્ટ સીટી બનવા આગળ વધતા શહેરના સેકટરોમાં આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા કટાયેલી અને કંગાળ હાલતમાં છે. કેટલાક ઠેકાણે આ સ્ટ્રીટ લાઇટના થાંભલા નમી પડેલી ભયજનક હાલતમાં છે. દાયકાઓ જુના થાંભલા દુર કરી નવા પોલ્સ નાંખવામાં પણ નિરસતા સેવાઇ રહી છે. શહેરના સે-૩ સી માં સ્ટ્રીટ લાઇટનો એક થાંભલો જમીનદોસ્ત થયેલી હાલતમાં જોવા મળી રહ્યો છે. થાંભલાના મુળિયામાં જોખમી વાયરો પણ ખુલ્લા જોવા મળી રહ્યા છે. છેલ્લા ચાર પાંચ દિવસથી આ પોલ્સ સ્થળ પર યથાવત છે. આમછતા હજુ સુધી તંત્ર દ્વારા તેનુ યોગ્ય રીપેરીંગ પણ થયુ નથી. સેકટરોમાં દાયકાઓ જુના થાંભલા કટાયેલી અને ભયજનક હાલતમાં હોવાથી



સેકટરવાસીઓ સામે ખતરો મંડરાયો છે. સેકટરમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો પણ વારંવાર ઉઠવા પામે છે. જયારે વર્ષો જુના સ્ટ્રીટ લાઇટના થાંભલા બદલવા તેમજ તેને કલરકામ પણ કરવામાં આવતુ નથી. કેટલાક થાંભલાઓના ઢાંકણો પણ ખુલ્લા હોવાથી જોખમી સ્થિતિ સર્જાઇ છે.

**નગરજનો પર કરવેરાનુ ભારણ વધ્યુ પણ...**

## મહાત્મા મંદિર અને પ્રદર્શન સેન્ટરના કરવેરાના ૩૩ કરોડ બાકી

**અમદાવાદની જેમ કરવેરા વધારો દુર કરવા સરકારે દરમિયાન ગીરી કરવી અનિવાર્ય : શહેર વસાહત મહામંડળ : જુના ગામડાઓ અને વિસ્તારના પ્રશ્નો હલ થતા નથી અને નવા ગામો સમાવવાની વાત ગેરવ્યાજબી**

ગાંધીનગર તા ૧૧

મનપા દ્વારા કરવધારવામાં આવતા નગરજનોમાં રોષ પ્રવર્તયો છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ વર્ષોના અંતે આમ નાગરિકોને સુવિધા અને સેવા મળતી નથી. જયારે સરકારી મિલ્કતોના કરોડોના વેરા ચુકવાતા નથી બીજીતરફ વેરો વધારો કરીને આમ નાગરિકોના ખિસ્સાનુ ભારણ વધારવાની આ ગતિવિધિ સામે આમ નાગરિક નાખુશ છે. શહેર વસાહત મહામંડળે પણ આ મામલે અમદાવાદની જેમ વેરો ઘટાડવા માટે સરકારે દરમિયાનગીરી કરવી જોઇએ તેવી લાગણી વ્યકત કરી છે. મહાત્મા મંદિર, હેલીપેડ પ્રદર્શન અને સરકારી મકાનોનો અંદાજિત ૩૩ કરોડનો વેરો હજુ સુધી ચુકવાયો નથી જેની વસુલાત કરીને પ્રજાલક્ષી કામોને વેગ આપવો જોઇએ.

મનપા દ્વારા કરમાળખાન રીસ્ટ્રકચરીંગ કરી મિલ્કતવેરો અને સફાઇકરમાં વધારો ઝિંકી દેવાયો છે. જયારે કાર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોના પ્રશ્નોનુ યોગ્ય નિરાકરણ આવતુ નથી શેરી સફાઇ થતી નથી જુના ગામો તેમજ વિસ્તારના પ્રશ્નો હલ થતા નથી અને નવા ગામડા ઉમેરવાની ગતિવિધિઓ હાથ ધરાઇ છે. કોર્પોરેશન વેરો વસુલ કરવામાં ઉત્સુક છે. પરંતુ આમ નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ સાથે સુવિધાઓ પુરી પાડવાના મામલે હજુ સુધી કાંઇ કરી શક્યુ નથી. શહેરના આમ નાગરિકો પર વેરાનો બોજ વધારવામાં કાર્પોરેશન પાછી પાની કરતુ નથી. જયારે સરકારી મિલ્કતોના જ કરોડો રૂપિયાના વેરા બાકી છે. આવા સંજોગોમાં સામાન્ય

● અનુસંધાન પાન-૭ પર

## ૧૨ દિવસમાં જિલ્લાના ૯૫ હજાર ખેડૂતોને કિસાન ક્રેડીટ કાર્ડ અંતર્ગત આવરી લેવાશે

**નવા કિસાન ક્રેડીટ કાર્ડમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ પણ આવરી લેવાનું લક્ષ્ય**

ગાંધીનગર, તા. ૧૧

આગામી ૧૨ દિવસમાં જિલ્લાના ૯૫ હજાર ખેડૂતોને કિસાન ક્રેડીટ કાર્ડ અંતર્ગત આવરી લેવા માટે જિલ્લાતંત્ર મિશન મોડ પર આ કાર્યવાહી કરશે તેમ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ કે ભારત સરકારે કરેલા પરિપત્ર મુજબ પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિ યોજના અંતર્ગત નોંધણી થયેલ અને પાત્રતા ધરાવતા ખેડૂત પરિવારોને આ કાર્ડ હેઠળ આવરી લેવા માટે અનુરોધ કરવામાં આવેલ છે.

તેમણે કહ્યું હતુ કે કેસીસી હેઠળ જોડાવવા જે ખેડૂતની જમીન વિસ્તાર અને વાવેતર કરતા પાક મુજબ ક્રેડીટ લીમીટ રૂ. ૧.૬ લાખ છે તેમણે ફક્ત સામાન્ય માહિતી ધરાવતુ ફોર્મ ભરવાનું રહેશે અને રૂ. ૧.૬ લાખથી વધુ ક્રેડિટ લીમીટ માટે પ્રીન્સીપલ લીમીટ મંજુર કરવામાં આવશે. જ્યારે રૂ. ૧.૬ લાખથી વધુ રકમ માટે ધારાધોરણ મુજબ બોજા હેઠળની અન્ય કાર્યવાહી કરી ક્રેડીટ લીમીટ મંજુર કરવામાં આવશે.

કેસીસીનો લાભ પશુપાલન અને મસ્ત્યઉદ્યોગ ખેડૂતો સુધી લંબાવાયો છે, જે ખેડૂતો કેસીસી ધારક છે અને પશુપાલન અથવા મત્સ્યઉદ્યોગ ખેડૂતો સુધી લંબાવાયો છે, જે ખેડૂતો કેસીસી ધારક છે અને પશુપાલન અથવા મસ્ત્યઉદ્યોગ પ્રવૃત્તિઓ માટે વધારાની ક્રેડીટ લીમીટની મંજૂરી માટે શાખાનો સંપર્ક કરી શકે છે.

કેસીસી પ્રોસેસિંગ, દસ્તાવેજીકરણ, નિરીક્ષણ સહિતના તમામ ખર્ચ રૂ. ૩ લાખ સુધીની કેસીસી લોન માટેના ચાર્જ તેમજ અન્ય સર્વિસ ચાર્જ માફ કરવામાં આવેલ છે તેમ પણ જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવે જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ કે પી.એમ.-કિસાનના હેઠળના તમામ લાભાર્થી કવરેજ માટે એક પૃષ્ઠનું સરળ ફોર્મ વિકસાવવામાં આવ્યું છે. લાભાર્થી ખેડૂતે કેસીસી મેળવવા ભરેલા ફોર્મ સાથે જમીનની ખાતાની નકલ અને વાવેતર કરેલ પાકની વિગત સાથે બેંક શાખાનો સંપર્ક કરવાની રહેશે કે, જ્યાંથી તેઓ પીએમ-કિસાન લાભ લઈ રહ્યા છે.

## મનપાની સ્થાયી સમિતિ કરબોજ ફગાવે નહિ તો આંદોલન કરીશું : શૈલેન્દ્રસિંહ બિહોલા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિ ડ્રાફ્ટ બજેટના કરબોજને ફગાવી દેશે તો બજેટ સર્વાનુમતે મંજુર થશે નહિ તો આ મુદ્દે જલદ આંદોલન પ્રજા અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળી કરવાની ચેતવણી મનપા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આપી છે.

ગાંધીનગર મનપાની સ્થાયિ સમિતિ સમક્ષ ગઈકાલે કમિશનરે કરેલા તેમના ડ્રાફ્ટ બજેટમાં નગરના વિકાસ કામોને કોરાણે મુકી અને પ્રજા પર માત્ર ને માત્ર કરબોજ લાદવા સિવાય કંઈજ સૂચવ્યું નથી ત્યારે સ્થાયી સમિતિએ આ કરબોજને ફગાવી દેવો જોઈએ.

મનપા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે એક અખબારી નિવેદનમાં જણાવ્યું છે કે, પ્રજા હાલ મોંઘવારીથી ત્રસ્ત બની છે અને મધ્યમ વર્ગના સૌનું બજેટ ખોરવાઈ ચુક્યું છે ત્યારે સ્થાયી સમિતિએ બજેટમાં સૂચવાયેલા તમામ સૂચિત કરવેરા નામંજુર કરી અને પ્રજાને આ ભારણમાંથી ઉગારી લેવા જણાવ્યું છે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, મનપા પાસે સફાઈ સિવાય કોઈ સેવા નથી અને તેમાં પણ સંપૂર્ણપણે સફળતા મળી નથી તો પ્રજા પર કરવેરા લાદવા માટેનું કોઈ ચોક્કર કારણ જણાતું નથી.

બિહોલાએ આ પત્રમાં જણાવ્યું છે કે, બજેટમાં કરવેરાની આવકના નામે મોટા મોટા આંકડા રજૂ કરવામાં આવે અને કરવેરાની વસુલી માટે ફક્ત ને ફક્ત સામાન્ય નાગરિકો પર જ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

અત્યાર સુધી પાટનગરની સરકારી મિલ્કતો પેટે અંદાજીત રૂ. ત્રીસ કરોડથી વધુ રકમનો વેરો વસુલવાનો બાકી છે. સરકાર પાસેથી લેવાના વેરાની વાત તો દૂર રહી પણ જે આવાસો આવેલા છે તેની વસુલાત માટે કોઈ માંગણી પણ કરવામાં આવી નથી. તો પછી આ વધારાનો કરવેરો માત્ર નગરજનો પાસેથી વસુલવા માટે જ વધારવામાં આવ્યો છે ?

મનપાની હદમાં વધારો કરવાનો તાજેતરમાં કરાયેલો નિર્ણય પણ પાલિકાની તિજોરી ભરવા માટે સમાવેશ કરવામાં આવી રહ્યો હોવાની મેલી મુરાદ સ્પષ્ટ દેખાઈ રહી છે.

શ્રી બિહોલાએ તેમના પત્રમાં ખાત્રી આપી છે કે ડ્રાફ્ટ બજેટમાં સૂચિત વેરા વધારો જે

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રમ્પના કાર્યક્રમમાં જિલ્લાના ૧૫ હજાર લોકો જોડાશે

ગાંધીનગર, તા. ૧૧

આગામી ૨૪મી અને ૨૫ ફેબ્રુઆરીએ ગુજરાત આવી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પના મોટેરાના ગુજરાત સ્ટેડિયમ ખાતે યોજાયેલ કાર્યક્રમ ''કેમ છો ટ્રમ્પ''માં જિલ્લાના ૧૫ હજાર લોકો ભાગ લેશે. મળતી વિગતો મુજબ આ માટે તંત્ર દ્વારા ૧૭૫ થી વધુ બસોની વ્યવસ્થા કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પના સૂચિત ગુજરાત પ્રવાસને લઈ જિલ્લાતંત્ર દ્વારા બેઠકોનો દોર આરંભાઈ ચુક્યો છે અને આ અંગેના આયોજનમાં અમદાવાદ કલેક્ટર કચેરી સાથે ખભેખભા મિલાવી તંત્રએ તેની કામગીરીમાં ભાગીદાર થવાનો નિર્ણય કર્યો છે.

## શહેરના કવિ ધ્વનિલ પારેખના એકાંકી સંગ્રહને સાહિત્ય પરિષદનું પારિતોષિક



જાણીતા કવિ અને નાટ્યલેખક ધ્વનિલ પારેખને ૨૦૧૬-૧૭નાં વર્ષ માટે ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદનું પારિતોષિક જાહેર થયું છે. આ પારિતોષિક એમને એકાંકીસંગ્રહ 'એક ચપટી ઊંઘ' માટે જાહેર થયું છે. જાણીતા નાટ્યવિદ મહેશ ચંપકલાલે નિર્ણાયક તરીકે આ સંગ્રહ પસંદ કર્યો હતો. ધ્વનિલ પારેખના આ એકાંકીસંગ્રહને અગાઉ ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક અને કુમાર આર્ટસ ફાઉંડેશન, ગોધરા તરફથી ચં.ચી.મહેતા એવોર્ડ પ્રાપ્ત થઇ ચૂક્યા છે.



ટ્રમ્પના આગમનનું કાઉન્ટ-ડાઉન : અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ મોટેરા સ્ટેડિયમમાં આવી રહ્યા છે ત્યારે મોટેરા અને સાબરમતી વિસ્તારને સજાવાઈ રહ્યો છે... તંત્ર દ્વારા રાત-દિવસ કામગીરી ચાલી રહી છે... મેટ્રોબ્રિજની નીચેની રેલીંગને રંગરોગાન કરવાનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે...

## વિકાસ કામો ૩૧ માર્ચ સુધીમાં પૂર્ણ કરવા કડક સૂચના

ગાંધીનગર, તા. ૧૧

૩૧મી માર્ચ સુધીમાં જિલ્લામાં ૧૪મા નાણાંપંચ, આયોજન મંડળ તેમજ એ.ટી.વી.ટી. અંતર્ગત ચાલતા વિકાસ કામો પૂર્ણ થાય તે જોવા માટે તાલુકા વિકાસ અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.

આજે જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ સમીક્ષા બેઠકમાં આ અંગેની જરૂરી સૂચનાઓ નાયબ જિલ્લા વિકાસ અધિકારી જીતેન્દ્ર વદર તેમજ સુશ્રી મનીષા પટેલે આપી હતી. તેમણે કહ્યુ હતુ કે પંચવટીના કામો પણ જે ચાલે છે તે ઝડપથી પૂર્ણ થવા માટેની મળેલી દરખાસ્તોનો પણ ૩૧ માર્ચ સુધીમાં નિકાલ થાય તે જરૂરી છે.

તેમણે રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ અન્વયે મળેલ અરજીઓનો સમયમર્યાદામાં નીકાલ થાય તે જોવા કહ્યુ હતુ તેમજ આ અંગે અલગ રજીસ્ટર નિભાવવા માટે પણ સૂચનાઓ આપી હતી.

સી.એમ. ડેશ બોર્ડની વિગતો નિયમિત રીતે અપડેટ થતી રહે તેમજ જે પેટાઓ પડતર છે તેના નિકાલ માટે ઝુંબેશ સ્વરૂપે કામ કરવા સુચવ્યુ હતુ.

## શહેરમાં સમાવિષ્ટ ગામોના અસરગ્રસ્તોને વેરા વસુલીમાં રાહત આપવા રજૂઆત

**અસરગ્રસ્ત વસાહત મહામંડળે પત્ર લખી સ્થાયી સમિતિને રજુઆત કરી**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ૮ ગામના અસરગ્રસ્તોએ મનપા દ્વારા લાદવામાં આવેલા વેરાઓમાં પુનઃ વિચારણા કરવા માંગ કરી અસરગ્રસ્ત ગામોના રહીશોને રાહત આપવા માંગ કરી છે.

અસરગ્રસ્ત વસાહત મહામંડળના ભરતસિંહ બિહોલાએ આજે મિલ્કતવેરો, સફાઈવેરો અને સોલિડ વેસ્ટ કલેક્શન વેરાના દરોમાં રાહત આપવાની માંગણી સાથે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાડવાને પત્ર લખી માંગ કરી કેટલીક કાયદાની જોગવાઈઓને ધ્યાને રાખી રાહત આપવા જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં એક સેક્ટરનો રહેણાંક વિસ્તાર એક ચોરસ કિલોમીટર છે તેમાં રીંગ રોડ અને સેક્ટરના દરેક રહેણાંકને જોડતા પાકા રોડ અને રસ્તા છે જેથી મ્યુનિસિપલ કોર્પોરેશનનું કચરો ઉપાડતું વાહન ઘરે ઘરેથી કચરો ઉપડે છે. અને આ કચરો ઉપાડવામાં વધુ સમય થાય છે. અને વાહનને વધુ અંતર ફરવુ પડે તેથી વાહનનો ડીઝલનો ખર્ચ પણ વધુ થાય જ્યારે આ ગામો શહેરના એક સેક્ટરની વસતી કરતા ૧/૪ કરતાં ઓછી વસતીવાળા ગામો છે. આ ગામોમાં રસ્તાઓની સંખ્યા ઓછી છે. અને રસ્તા ઓછા અંતરવાળા હોવાથી અને કચરો ઘરે ઘરે ઉપાડવાનો ન હોવાથી કચરો ઉપાડતા વાહનને માત્ર ગામો મહોલ્લાના નાકે ઉભા રહેવાનુ હોય છે. જેથી કચરો ભેગો કરવાની આ કામગીરીમાં ઓછો સમય અને ઓછા ડીઝલનો ખર્ચ થાય છે. જે ધ્યાને રાખી હાલમાં સોલીડ વેસ્ટ કલેક્શન ચાર્જ રૂ. ૩૬૦ લેવામાં આવે છે તેના બદલે આ ગામોમાં રૂ. ૧૦૦નો ચાર્જ રાખવા નમ્ર વિનંતી છે.

આ ગામોમાં રસ્તાની સંખ્યા ઓછી અને રસ્તા ઓછા અંતરના હોવાથી ઓછા સફાઈ કામદારો આ ગામોમાં સફાઈની કામગીરી કરે છે. જેથી સફાઈની કામગીરીમાં ઓછા કામદારોમાં ઓછા સમયમાં આ સફાઈની કામગીરી કરવામાં આવી રહી છે. આ ગામોમાં સફાઈ ચાર્જ હાલમાં રૂ. ૧૮૩ લેવામાં આવે છે. તેને બદલે રૂ. ૫૦નો ચાર્જ રાખવા નમ્ર વિનંતી છે.

હાલ આ ગામોના મિલકત વેરામાં ઉંમરના પરિબળ (એફ-૨)માં વીસ વર્ષ જુની મિલકત ગણી તેનો દર રૂ. ૦.૭૦ પૈસાનો ચાર્જ વસુલ કરવામાં આવે છે. પરંતુ આ ગામોની મિલકતો ચાલીસ વર્ષ કરતાં વધારે સમયની જુની હોવાથી ૦.૫૦ પૈસા પ્રમાણેના દરે મિલકત વેરો વસુલ કરવા નમ્ર વિનંતી છે.

હાલ આ ગામોના મિલકત વેરાના બિલમાં ઉપયોગના પ્રકારના પરીબળ (એફ-૪)માં ૦.૭૦ પૈસાનો તેનો દર વસુલવામાં આવે છે. પરંતુ આ મિલકતો ગામતળની ચાલીના પ્રકારવાળી હોવાથી તેનો મિલકત વેરાનો દર ૦.૫૦ પૈસાના દરે મિલકત વેરો વસુલ કરવા નમ્ર વિનંતી છે.

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ**

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. નિધીબેન હરિભાઈ ચૌધરી**

જન્મ તા. : ૧૨/૩/૧૯૯૬ ● સ્વર્ગવાસ : ૧૨/૨/૨૦૧૯

ખોયું રતન મજબૂર બનીને અમે,
પ્રભુ હવે એ રતન તારા હાથમાં છે.
સદા સાચવજે એ જ પ્રાર્થના પ્રભુ હવે,
એનું જતન તારા હાથમાં છે.

લી.

હરિભાઈ જે. ચૌધરી (પપ્પા) શારદાબેન એચ. ચૌધરી (મમ્મી)
નાગેશ એચ. ચૌધરી (ભાઈ)
પ્લોટ નં. ૧૩૨૩/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર

**જોઈએ છે**
ફાર્માસિસ્ટ, નર્સિંગ સ્ટાફ (GNM)
કનોરિયા હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર
ભાટ-ગામ, ઈન્દિરાબ્રિજ પાસે, ગાંધીનગર હાઈવે
ફોન નં. : ૯૬૦૧૨ ૫૬૪૬૯, ૯૯૧૩૦ ૯૨૪૩૩
Mail Id : kanoriahospital@yahoo.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com